# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૭ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે તા.28/01/2026ના રોજ લેવામાં આવનાર છે. પ્રખરતા શોધ કસોટી(TST)ના આવેદનપત્રો તા.15/11/2025 થી તા.30/11/2025 દરમ્યાન બોર્ડની વેબસાઇટ gseb.org અથવા prakharata.gseb.org પરથી ફક્ત ઓનલાઈન ભરી શકાશે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. આવેદનપત્રમાં વિદ્યાર્થીના બેંક ખાતા મુજબનું નામ, બેંક ખાતા નંબર, બેંકની શાખા, IFSC CODE વગેરે જેવી વિગતો વિદ્યાર્થીની બેંક પાસબુકને આધારે કાળજીપૂર્વક ભરવાની રહેશે. પરિણામ બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ આવેદનપત્રમાં દર્શાવેલ બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે.

(આર. આર. વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**: 14/11/2025

D:\Desktop\TST-2026\અખબારી યાદી TST 2026.docx